### માત્ર નેવું દિવસમાં સૌથી વધુ વેંચાતા 'નંબર ૧' પુસ્તકઃ ધ ટાર્ગેટ

# એમેઝોન અને ક્રોસવર્ડમાં સ્થાન મળ્યા પછી ગુજરાતી આવૃત્તિ પ્રસિદ્ધ




ગુજરાતીઓની ઉદ્યોગસાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠીઉંચેરું સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગૂહા રેએ ધ ટાર્ગેટ નામના પુસ્તકમાં કર્યું હતું.

શાંતનૂ ગૂહા રેના પુસ્તક ધ ટાર્ગેટની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે ધ ટાર્ગેટની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઈકોનોમી' કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એટલું જ નહીં, અગ્રણી બુક સ્ટોર 'ક્રોસવર્ડ'માં પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું છે, જે ખરેખર અભૂતપૂર્વ ઘટના છે.

'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગુહા રે લિખિત આ પુસ્તક વાંચ્યા બાદ એનએસઈએલ (નેશનલ સ્પોટ એક્સચેંજ) પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે. કેટલાંક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઈરાદાસર જિજ્ઞેશ શાહને એક્સચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે. આ સ્થાપિત હિતો કોણ હતાં અને તેમના બદઈરાદાઓ કયા અને કેવા હતા તેના પર શાંતનૂએ પુસ્તકમાં પ્રકાશ પાડ્યો છે અને દેશમાં ચાલતી રાજકારણીઓ અને અમલદારશાહીની સાંઠગાંઠને પુસ્તકમાં ખુલ્લી પાડી છે.

૨૫૩ પાનાંનું આ પુસ્તક ગુહા રેની બે વર્ષની ઊંડી તપાસનું પરિણામ છે. તેમણે કેટલીક ગોપનીય સરકારી ફાઈલો ઉથલાવીને અને માહિતગાર લોકો સાથેની વાતચીત મારફતે આંચકાદાયક ઘટસ્ફોટ કર્યા છે. તેમણે કહ્યું છે કે એનએસઈએલને બંધ કરવાનું કહેવું એ એક્સચેન્જને અને તેના મારફતે જિજ્ઞેશ શાહ તથા તેમનાં તમામ સંશોધનાત્મક સાહસને નુકસાન પહોંચાડવા માટેનું કારસ્તાન હતું. આ ષડયંત્ર રચાયું તેની પાછળનું કારણ એ હતું કે જિજ્ઞેશ શાહે પોતાના આગવા સંશોધનોને વડે જે નવા સાહસો ઊભા કર્યા હતા તેને લીધે માર્કેટનાં વગદાર લોકોની ઈજારાશાહી તૂટી ગઈ હતી. ગુહા રે કહે છે તેમ, જેમના પર આંત્રપ્રેન્યોરશિપ અને ટેક્નોલોજી આધારિત ઈનોવેશન કરવાની જવાબદારી હતી એવા જ લોકોએ તેનું ગળું ઘોંટી દેવાનું કામ કર્યું.